

# કુકેરીની શાંતાબા વિદ્યાલયમાં રક્તદાન શિબિર

। ચીખલી ।

કુકેરીની શાંતાબા વિદ્યાલયમાં ચીખલી તાલુકા પ્રેસ કલબના સહયોગથી યોજાયેલ રક્તદાન શિબિરમાં ૩૩ યુનિટ રક્ત એકત્ર થયું હતું.

કુકેરીની શાંતાબા વિદ્યાલયમાં માલવી એજ્યુકેશનલ એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, લાયન્સ કલબ તથા તાલુકા પ્રેસ કલબના સહયોગથી યોજાયેલ રક્તદાન કેમ્પમાં શરૂઆત સંસ્થાના કાર્યકર્તા પરિમલભાઈ પરમારના હસ્તે આચાર્ય પ્રદીપભાઈ ટંડેલ, કૌશિક પઢેર, ટ્રસ્ટી નિલેશ રાઠોડ સહિતનાની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. જેમાં સ્થાનિક આગેવાનો ઉપરાંત પ્રેસ ક્લબના પ્રમુખ ધર્મેશભાઈ, મંત્રી મયૂરભાઈ દેસાઈ, ઉપપ્રમુખ શૈલેષભાઈ, સભ્ય રાજેન્દ્રસિંહ પરમાર સહિતના ઉપસ્થિત રહી રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો. રક્તદાન શિબિરમાં ૩૩ યુનિટ જેટલું રક્ત એકત્ર થયું હતું.

તમામ માટે ભોજનની વ્યવસ્થા સાથે રક્તદાતાઓને સ્મૃતિ ભેટ પણ આપવામાં આવી હતી. રક્તદાન શિબિરમાં લાયન્સ બ્લડ બેંક ચીખલીના સ્ટાફે ખડે પગે સેવા બજાવી હતી. જ્યારે સફળ બનાવવા શાંતાબા વિદ્યાલયના સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

Sandesh News
Date 18-10-2021